सत्यमेव जयते

વાલીયાના મહે.જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં,વાલીયા.

ફોજદારી કેસ નંબર : ૨૦૧/૨૦૨૬
આંક-૦૭

શ્રી સરકાર .....ફરિયાદી.

વિરૂધ્ધ.

અર્જુનભાઈ લલ્લુભાઈ વસાવા .......આરોપી.
રહે.જામણીયા ગામ,તા.વાલીયા,જી.ભરૂચ.

**તહોમત:- પ્રોહીબીશન ગુના કલમ:૬૫ (એ)(એ)મુજબ.**

**::ઠ રા વ::**

આરોપીના પોલીસ તપાસના કાગળો આપ્યા બાદ ગુના સંબંધે પ્લી રેકર્ડ કરતાં,તેમણે સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરેલ છે.આ સંજોગોમાં તહોમતદારોને સજા થાય તો કુટુંબ ભુખે મરે તેમ જણાય છે અને તહોમતદાર જેલમાં જાય તો રીઢો ગુનેગાર થાય તેવી શકયતા જણાય છે.જેથી અદાલત સમક્ષની આરોપીની પસ્તાવો વ્યકત કરતી કબુલાત પુરશીસ આંક- ૪ ધ્યાને લઈ તેની કબુલાત સ્વૈચ્છીક જણાતા તેનો સ્વીકાર કરી નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં આરોપીને હળવી સજા કરવી વ્યાજબી માની નીચેનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આ કામના આરોપી અર્જુનભાઈ લલ્લુભાઈ વસાવા રહે. જામણીયા ગામ, તા.વાલીયા,જી.ભરૂચ. નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ:૨૭૧(૨) અન્વયે, ગુજરાત

પ્રોહીબીશન ગુનાની કલમ:૬૫ (એ)(એ)મુજબના ગુના બદલ તકસીરવાન ઠરાવી રૂા.૨૦૦/-(અંકે રૂા.બસ્સો પુરા) દંડની સજા તથા ઠપકો આપવામાં આવે છે.દંડ ભરવામાં કસુર થયે દિન-૩ ની સાદી કેદની સજા ભોગવવી.

(૨) મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો તથા કેનનો નિયમ મુજબ નિકાલ કરવો.

આજ રોજ સ્પેશીયલ સીટીંગમાં તારીખ-૧૪મી, માહે-માર્ચ,સને-૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૪/૦૩/૨૦૨૬ (એ.એમ.સોની)
સ્થળ : વાલીયા. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
વાલીયા.
યુનીક જજ કોડ -૦૧૬૩૬